Sustainable Agriculture



કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

કૃષિ ઉદય...

અંક : ૧ ખંડ : ૪ ઓક્ટોબર ૨૦૧૫


**અધ્યક્ષ :**
ડૉ. હરીશ પાઢ

**માનનીય સલાહકાર :**
ડૉ. મહેશ પાઠક

**મુખ્ય સંપાદક :**
ડૉ. એસ. એસ. કલમકર

**સહસંપાદક :**
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

**સંપાદક :**
ડૉ. હેમંત શર્મા

**વિષય સંપાદક :**
ડૉ. એમ. એન. સ્વેન
ડૉ. એસ. આર. ભૈયા
શ્રી એમ. મકવાણા

**પ્રસાર પ્રભારી :**
શ્રી દીપ કે. પટેલ

**પ્રકાશક :**
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
એસ.પી. યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in


## વડાપ્રધાન શ્રી મોદી દ્વારા જમીન આરોગ્ય પત્રક યોજનાનો આરંભ.....

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૧૪ લાખ ખેડૂતોને લક્ષમાં રાખીને જમીન આરોગ્ય પત્રક યોજના અમલમાં મૂકી છે.




રાસાયણિક ખાતરોના વધુ વપરાશને કારણે જમીન બગડે છે તે બાબતને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન શ્રી મોદીએ ખેડૂતોને જમીનની કાળજી લેવા અંગે અનુરોધ કર્યો છે. ખેડૂતોની જમીનની ચકાસણી કર્યા બાદ ખેડૂતોને જમીન આરોગ્ય પત્રક આપવામાં આવશે જેનાં કારણે ખેડૂતની ૩ એકર જમીનમાં લગભગ રૂા.૫૦૦૦૦ જેટલી બચત થશે.

આપણે જમીનમાંથી વધારે ઉત્પાદન મેળવવા માટે વધારે યુરિયા વધુ પાણી અને વધારે રસાયણિક ખાતરોનો વપરાશ કરીએ છીએ. તેના પરિણામ સ્વરૂપે જમીનનું આરોગ્ય કથળતું જાય છે. હવે આ બાબત તરફ ધ્યાન આપવાનો સમય આવી ગયો છે. તેથી સરકારે વર્તમાનમાં આ રાષ્ટ્રીય યોજના અમલમાં મૂકી છે. જમીન આરોગ્ય પત્રકમાં પાક પ્રમાણે જમીનમાં જરૂરી રસાયણિક ખાતરોની ભલામણની વિગતો આપવામાં આવી છે. જેના દ્વારા ખેડૂતોને જમીનનું આરોગ્ય પારખવામાં અને જમીનના પોષક તત્વોનો શાણપણથી ઉપયોગ કરવા માટે મદદ મળશે. હવે ખેડૂતોએ પરંપરાગત ખેત પદ્ધતિઓ છોડીને અને પાકની ઉપજ વધારવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિએ ખેતી કરવી જરૂરી છે.

જમીન આરોગ્ય ઉપરાંત વડાપ્રધાન શ્રી મોદીએ પાણીના દરેક ટીપાંમાંથી વધુ પાક મેળવવા માટે અને જરૂર કરતાં વધારે પાણીનાં વપરાશથી જમીનને થતાં નુકશાનથી દૂર રહેવા ખેડૂતોને ટપક સિંચાઇ પદ્ધતિ અપનાવવા અનુરોધ કર્યો છે.

http://www.ptinews.com/

# સરકાર ૨૦૧૫-૧૬ના વર્ષ માટે કાચી ખાંડ નિકાસ પર સબસિડી વિસ્તારવા ઇચ્છતી નથી.....



સરકારે આ મહિને વર્તમાન બજાર વર્ષ ૨૦૧૫-૧૬ માટે કાચી ખાંડની નિકાસ પર સબસિડી બંધ કરવાનો નિર્ણય કરેલ છે.

માર્ચ મહિનામાં સરકારે ખાંડ મિલોને કેશ ફ્લો વધારવા અને સક્રિય મદદ કરવા માટે ૨૦૧૪-૧૫ ના માર્કેટિંગ વર્ષ (ઓક્ટોબર-સપ્ટેમ્બર) માટે કાચી ખાંડમાં ૧.૪ મિલિયન ટન નિકાસ માટે રૂા.૪૦૦૦ પ્રતિ ટન સુધી સ્થિર દરે સબસિડીનો લાભ લંબાવ્યો હતો તેથી ખેડૂતોને શેરડીના એરિયર્સની રકમ ચૂકવણી કરવામાં આવશે. ૨૦૧૪-૧૫માં કાચી ખાંડ ૪૦૦૦૦૦ ટન નિકાસ કરીને મિલોએ સબસીડી મેળવી છે. આ સબસિડી આ વર્ષે વધારવામાં આવશે નહીં. નિકાસ સબસિડી યોજના સફળ રહી ન હતી કારણ કે ખૂબ ઓછી મિલોએ પ્રોત્સાહન તરીકે તેનો લાભ મેળવ્યો હતો. ૨૦૧૪-૧૫ માં નિકાસનો જથ્થો, વર્ષ ૨૦૧૩-૧૪ના માર્કેટિંગ વર્ષમાં નિકાસ પ્રોત્સાહક યોજના હેઠળ કરવામાં આવેલ કાચી ખાંડ ૭.૫ લાખ ટન કરતાં ઘણો ઓછો હતો. હાલમાં, શેરડીની બાકી રકમની ચૂકવણી માર્ચમાં રૂા.૧૪૫૦૦ કરોડથી ઘટીને રૂા.૧૨૨૪૮ કરોડ થઇ છે.

ગત વર્ષે કેન્દ્ર સરકારે ખેડૂતોને મદદ કરવા માટે ખાંડ ઉદ્યોગોને ચાર લાખ ટન કાચી ખાંડ નિકાસ માટે સબસિડીની જાહેરાત કરી હતી. આ સબસિડી યોજનાનો સપ્ટેમ્બર ૨૦૧૪માં અંત આવ્યો હતો. પરંતુ નવી સરકારે માર્ચ મહિનામાં વર્ષ ૨૦૧૪-૧૫ માર્કેટિંગ વર્ષ માટે લંબાવવાનો નિર્ણય લીધો છે. ૨૦૧૪-૧૫ માટે ટનદીઠ રૂા.૪૦૦૦ સબસિડીની રકમ ઓગસ્ટ-સપ્ટેમ્બર ગાળા માટે ગયા વર્ષે નિયત ટનદીઠ રૂા.૩૩૭૧ કરતાં ઘણી ઊંચી હતી. ખાંડનું ઉત્પાદન વર્ષ ૨૦૧૪-૧૫ના માર્કેટિંગ વર્ષ (ઓક્ટોબર સપ્ટેમ્બર) માટે રેકોર્ડ ૨૮.૩ મિલિયન ટન થવાનો અંદાજ છે જ્યારે અગાઉના વર્ષે ૨૪.૩ મિલિયન ટન હતો. જ્યારે કુલ વાર્ષિક માંગ ૨૪.૫ મિલિયન ટન જેટલી થઇ છે.

http://www.eximin.net/NewsDetails

# નવી કપાસની ઋતુમાં ઐતિહાસિક મહત્તમ બંધ માલ સાથે ભારતનો પ્રવેશઃ સીએઆઇ



કપાસનું વર્ષ ઓક્ટોબર થી સપ્ટેમ્બર છે કારણ કે કપાસનું આગમન સામાન્ય રીતે ઓક્ટોબર માસથી શરૂ થાય છે. ભારતના કપાસ સંઘ (Cotton Association of India-CAI) દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬માં કપાસના ઉત્પાદનના અંદાજમાં ઘટાડો કરવામાં આવ્યો છે અને તે ૧૭૦ કિલોની એક એવી ૩૭૭ લાખ ગાંસડીનો અંદાજ મૂકવામાં આવ્યો છે કે જે આગળના વર્ષની સરખામણીમાં કપાસના ઉત્પાદનમાં ૧.૫ ટકા સુધીનો ઘટાડો દર્શાવે છે. CAI દ્વારા કપાસ વર્ષ ૨૦૧૪-૧૫ માટે ઓગસ્ટ મહિનાના અંદાજો પ્રકાશિત કરવામાં આવ્યા છે અને ૧૭૦ કિલોની એક ગાંસડી તેવી ૩૮૨.૭૫ લાખ ગાંસડીનું ઉત્પાદન જાળવી રાખશે.

CAI દ્વારા બહાર પાડવામાં આવેલ અંદાજીત સરવૈયા મુજબ ૨૦૧૫-૧૬ ના વર્ષ માટે અંદાજીત પુરવઠો ૪૬૭.૬૫ લાખ ગાંસડી છે. જ્યારે સ્થાનિક અંદાજિત વપરાશ લગભગ ૩૨૫ લાખ ગાંસડી છે જેથી ૧૪૨.૬૫ લાખ ગાંસડી કપાસનો પુરવઠો વધારે રહેવાનો અંદાજ છે. કપાસના ભાવ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ લઘુત્તમ ટેકાના ભાવ (MSP) કરતાં ખૂબ જ નીચા હોવાથી ખેડૂતો અને ઉદ્યોગ બજાર કપાસના ભાવને જાળવી રાખવા માટે તેમજ બજાર હસ્તક્ષેપ કરવામાં સરકારની દરમિયાનગીરી અંગે રાહ જોઇ રહ્યું છે.

http://economictimes.indiatimes.com

# ખરીફ પાક હેઠળનો પાક વિસ્તાર ૧૦૨૬ લાખ હેક્ટરને આંબી ગયો.....



In lakh hectare

AREA UNDER KHARIF CROP


| Crop | 2015-16 | 2014-15 |
|---|---|---|
| Rice | 374.09 | 373.86 |
| Pulses | 113.45 | 101.83 |
| Coarse cereals | 183.16 | 178.44 |
| Oilseeds | 183.68 | 177.49 |
| Sugarcane | 48.84 | 48.74 |
| Jute &Mesta | 7.80 | 8.13 |
| Cotton | 115.20 | 125.75 |
| Total | 1,026.23 | 1,014.24 |

ખરીફ પાક વાવેતર હેઠળનો કુલ વિસ્તાર જે અગાઉના વર્ષે આજ સમયગાળામાં ૧૦૧૪.૨૪ લાખ હેક્ટર હતો તેમાં ચાલુ વર્ષે ૧.૧૮ ટકા જેટલો વધારો અને કુલ વિસ્તાર ૧૦૨૬.૨૩ લાખ હેક્ટર થવા પામ્યો છે. કૃષિ મંત્રાલય દ્વારા તાજેતરના પ્રકાશિત કરવામાં આવેલા આંકડાઓ મુજબ કઠોળ હેઠળના વાવેતર વિસ્તારમાં ૧૧.૪૧ ટકા જેટલો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. જ્યારે હલકા ધાન્ય અને તેલીબિયાં હેઠળના વાવેતર વિસ્તારમાં અનુક્રમે ૨.૬૫ અને ૩.૪૯ ટકા જેટલો વધારો જોવા મળ્યો છે. જ્યારે કપાસ હેઠળના વિસ્તારમાં સૌથી વધુ ૮.૩૯ ટકા અને શણ અને મેસ્ટામાં ૪.૦૬ ટકા વિસ્તારમાં ઘટાડો નોંધાયેલ છે. શેરડી હેઠળના વાવેતર વિસ્તારમાં ૦.૨૧ ટકા જેટલો નજીવો વધારો જોવા મળેલ છે. ખરીફ સિઝન માટેની વાવણીની કામગીરીનો લગભગ અંત આવતાની સાથે ડાંગર કે જે મુખ્ય ખરીફ પાક છે તેનાં હેઠળનો વાવેતર વિસ્તાર જે અગાઉ ૩૭૩.૮૬ લાખ હેક્ટર હતો તે ૩૭૪.૦૯ લાખ હેક્ટર થવા પામ્યો છે અર્થાત્ ડાંગર હેઠળના વાવેતર વિસ્તાર લગભગ સમાન રહ્યો છે.

કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા તાજેતરમાં પ્રકાશિત પ્રથમ અગ્રિમ અંદાજ મુજબ વર્ષ ૨૦૧૫-૧૬ માં મુખ્ય ખરીફ અનાજ પાકોનું કુલ ઉત્પાદન ૧૨૪.૦૫ મિલિયન ટન થશે જે અગાઉના વર્ષના અગ્રિમ અંદાજ ૧૨૦.૨૭ મિલિયન ટન ઉપર ૩.૭૮ મિલિયન ટન જેટલો વધારો દર્શાવે છે.

http://www.thehindu.com/business/agri-busines

# નાબાર્ડ દ્વારા ડેરી વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે ૧૪૭ કરોડની લોન...




ગ્રામીણ વિકાસ શાહુકાર તરીકે જાણીતા નાબાર્ડ દ્વારા દેશમાં ડેરી વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે ૧૪૭ કરોડની લોન આપવા અંગેની જાહેરાત કરવામાં આવી છે. નાબાર્ડ ડેરી પ્રોજેક્ટસ, ઉત્પાદક સંસ્થાઓ, ખેડૂતોની સંસ્થાઓને ટકાઉ વિકાસ કરવા માટે પ્રોત્સાહન આપે છે. ખેડૂતો અને વ્યક્તિગત સાહસિકો ધિરાણ મેળવવાની તક મેળવી શકે છે જે અંર્તગત તેઓ ૨૫ થી ૩૦ ટકા જેટલી સબસિડીનો લાભ પણ લઇ શકે છે.

http://economictimes.indiatimes.com

*Wishing you and your family a very*
*Happy Diwali & a Prosperous New Year.*

બુક પોસ્ટ

પ્રતિ શ્રી

મોકલનાર:
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬

Lajja : 02692-233864

Acknowledged the information used/taken from the public domain